VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY
Udhna-Magdalla Road, P.B. No. 49
SURAT - 395 007 (Gujarat)
✆ : 2227141 to 2227146
Fax : (0261) 2227312
Gram : SOGUNI

વીર નર્મદ
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯
સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)
✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
ફેક્સ : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
તાર : સોગુની

E-mail : sgu@sguernet.in

સિન્ડિકેટની તાકીદની સભા
તા. ૧–૮–૨૦૦૪

**ખાનગી**
**ફક્ત સભ્યોની જાણ માટે**

સિન્ડિકેટની તાકીદની (Urgent) સભા રવિવાર, તા: ૧–૮–૨૦૦૪ ના રોજ સાંજે, ૬–૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | – |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | ગેરહાજર |
| ૭ | આચાર્ય ર્ડા.વિક્રમ બળવંતરાય દેસાઈ | ગેરહાજર |
| ૮ | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડો.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | ગેરહાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | ગેરહાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫ | ડો.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ,સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી સૂચિત સી.કે.પીઠાવાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ (સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસી), ડુમસ, સુરત મુકામે શરૂ કરવા અંગેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૧–૭–૨૦૦૪ના ઠરાવ ક્રમાંક: ૨ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧–૭–૨૦૦૪ની ભલામણ ક્રમાંક: ૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ,સુરતની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી સૂચિત સી.કે.પીઠાવાલા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ (સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસી), ડુમસ, સુરત મુકામે શરૂ કરવા અંગેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાનસ રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત સંસ્થાને શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫થી નવું જોડાણ ન આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, ડુમસ, સુરત સંચાલિત સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી સિવિલ એન્જીનીયરીંગનો વધારાનો સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧–૭–૨૦૦૪ની ભલામણ ક્રમાંક: ૮</u>**

:: નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, ડુમસ, સુરત સંચાલિત સી.કે.પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫થી સિવિલ એન્જીનીયરીંગનો વધારાનો સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત સંસ્થાને શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫થી નવું જોડાણ ન આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

<u>ઠરાવ ક્રમાંક ૧ અને ૨</u>

માનનીય કુલપતિશ્રીએ તા.૧/૮/૨૦૦૪ના રોજ સાંજે ૬–૦૦ કલાકે યુનિ. ખાતે બોલાવેલી તાકીદની સિન્ડિકેટની મીટીગ સમક્ષ સી. કે. પીઠાવાળા એન્જિ. કોલેજના નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી દૂધવાળાજી અને વહીવટી અધિકારી શ્રી આર. એ. મીસ્ત્રી હાજર રહેલ. યુનિ. સિન્ડિકેટને તેઓ સાથે લંબાણપૂર્વક પ્રશ્નોતરી પછી તેઓશ્રીઓએ નીચેની વિગતો આપી.

(૧) સંસ્થાએ વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે બી. ફાર્મની ૬૦ સીટ, સિવિલ એન્જિનીયરીંગની તથા ૬૦ સીટ મીકેનીકલ એન્જિ.ની વધારાની ૩૦ સીટ અને ઇલિકટ્રીકલ અને કોમ્યુનિકેશન એન્જી.ની વધારાની ૩૦ સીટ માટે એ.આઇ.સી.ટી.ઇ.ને અરજી કરી (ઓકટો. ૨૦૦૪માં) ત્યારે યુનિ. પાસેથી એન.ઓ.સી. લેવામાં આવ્યું નથી.

(૨) એ.આઇ.સી.ટી.ઇ.ની અરજીની સાથે જ અન્ય સંસ્થાઓ એ જે રીતે ઓકટો. ૨૦૦૩ માં યુનિ.ને જોડાણ માટેની અરજી કરી છે તે રીતે આ સંસ્થાએ ઓકટો. ૨૦૦૩મા ન કરતાં તેનાં પાંચ મહિના બાદ તા. ૧૭/૩/૨૦૦૪માં ફાર્મસીની ૬૦, સીવીલ એન્જિ.ની ૬૦ સીટ માટે જોડાણ અરજી કરી છે.

(૩) મીકેનીકલ એન્જિ.ની વધારાની ૩૦ સીટ તથા ઇલિકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિ.ની વધારાની ૩૦ સીટ માટે જોડાણની અરજી તા. ૧૭/૭/૨૦૦૪ના રોજ યુનિ.ને કરેલ છે.

(૪) એ.આઇ.સી.ટી.ઇ.નાં એપ્રુવલની શરત અનુસાર પ્રવેશ કાર્યવાહી અગાઉ બી. ફાર્મ માટે જરૂરી લેબોરેટરી/ઇકવીપમેન્ટ વિગેરે તૈયાર હોવા જોઇએ તેનાં સ્થાને આજે તા. ૧/૮/૨૦૦૪ સુધી વિવિધ વિષયો (૧) હયુમન એનોટોમી એન્ડ ફીઝીઓલોજી (૨) ફાર્માસ્યુટીકલ કેમેસ્ટ્રી (૩) ફાર્માકોગ્નોસીસસ (૪) ફાર્માસ્યુટીકલ (૫) કોમ્પ્યુટરની સ્વતંત્ર લેબ. વગેરે હજી સુધી તૈયાર થયેલ નથી. બીજી બાજુ સંસ્થાએ તા. ૨/૮/૨૦૦૪ થી ફાર્મસીની કોલેજ શરૂ થવાની છે તેવી જાહેરાત કોલેજના નોટિસબોર્ડ પર લગાવી છે (યુનિ.નાં એફિલિએશન વગર). ટ્રસ્ટીઓના કહેવા અનુસાર ઉકત અભ્યાસક્રમો માટે સેન્ટ્રલ એડમીશન કમિટિએ ફાળવેલ સીવીલ એન્જી. એન્ડ ફાર્મસીના વિદ્યાર્થીઓ પાસેથી હજી સુધી નિયત ફી લીધી નથી.

(૫) યુનિ.નું એફિલિએશન ન હોવા છતાં મે,૨૦૦૪માં સદર અભ્યાસક્રમો માટે સંસ્થાએ કોલેજ શરૂ થઇ છે તેવી તથા મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ વાંચ્છુક વિદ્યાર્થીઓએ અરજી કરવા સારુ વર્તમાનપત્રોમાં જાહેરાત આપી હતી. વધુમાં સંસ્થાએ સ્વીકાર્યુ કે મેનેજમેન્ટ કવોટામાં મેરીટને બાજુએ મુકીને યુનિ. / રાજય સરકાર અને સુપ્રિમ કોર્ટનાં જજમેન્ટની અવહેલના કરીને તેની ઉપરવટ જઇને સદર અભ્યાક્રમોમાં પ્રવેશો સામે તેમનાં ટ્રસ્ટના નામે ડોનેશન સ્વરુપે ઊંચી રકમો ઉઘરાવી છે તેઓએ સ્પષ્ટરૂપે કહયુ કે <u>ડોનેશન વિદ્યાર્થીઓ પાસેથી નહિ પરંતુ એમના વાલીઓ પાસેથી લેવામાં આવે છે. વધુમાં ડોનેશન પ્રવેશની સામે કોલેજમાં નહી પરંતુ સહયોગી ટ્રસ્ટના નામે લેવામાં આવે છે.</u>

ચર્ચા દરમ્યાન યુનિ. સિન્ડિકેટે આ ડોનેશનની રકમ વિદ્યાર્થીઓને પરત કરીને સુપ્રીમ કોર્ટના જજમેન્ટ અનુસાર મેરીટનાં ધોરણે નિયત ફી લઈને મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ આપવાનું જણાવતાં ટ્રસ્ટના પ્રતિનિધિઓએ આ અગાઉ મેનેજમેન્ટ કવોટાની સીટો માટે વિદ્યાર્થી/વાલીઓ સાથેનાં ડોનેશનની સામેનાં પ્રવેશ માટેના કમીટમેન્ટનું શું થશે? તેવી મૂંઝવણ વ્યકત કરી હતી.

આ રીતે સંસ્થાએ સરકાર ધ્વારા નિયત ફી નાં પરિપત્રની ઉપરવટ જઈને વિવિધ હેડ હેઠળ (ટ્યુશન ફી, ડેવલપમેન્ટ ફી ઉપરાંતની) વધારાની ફી ઉઘરાવી છે તેવો સ્વીકાર કર્યો .

:: વિસ્તૃત ચર્ચા અને વિચારણા ને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આ સંસ્થાને લગતી ઉપરોકત બાબતોની ગંભીરતા અને તેની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પડનારાં પ્રત્યાઘાતોને ધ્યાનમાં લઈને સિન્ડિકેટની આ સભા વિસ્તૃત ચર્ચાને અંતે સર્વાનુમતે એકેડેમિક કાઉન્સિલની તા.૩૧/૭/૨૦૦૪ની સભાનાં ઠરાવક્રમાંક : ૨ અને ૮ નો સ્વીકાર કરે છે. સંસ્થાએ પોતાના વિવિધ અભ્યાસક્રમોનાં મેનેજમેન્ટ કવોટા માટે સુપ્રીમકોર્ટનાં જજમેન્ટની અવહેલના કરીને યુનિવર્સિટીનાં નિયમો વિરુધ્ધ પ્રવેશ ની સામે ડોનેશન ઉઘરાવ્યું છે અને મેરીટ અને પારદર્શકતાને બાજુએ મુકીને જે રીતે પ્રવેશો આપ્યા છે તથા રાજય સરકારનાં પરિપત્ર અને યુનિવર્સિટીનાં ધારા ધોરણ અનુસાર નિયત કરેલ ફી ઉપરાંત નિયમ વિરુધ્ધની ફી વિવિધ હેડ હેઠળ ઉઘરાવી છે તે યુનિવર્સિટીનાં પ્રસ્થાપિત કાયદાઓ અને શૈક્ષણિક મુલ્યોની વિરુધ્ધમાં હોઈ સદર સંસ્થાને વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે બી ફાર્મની ૬૦ સીટ માટેનું નવું જોડાણ, સીવીલ એન્જિનીયરીંગ નું ૬૦ સીટનું નવું જોડાણ અને ઇલિકટ્રોનીકસ એન્જિનીયરીંગ ની વધારાની ૩૦ સીટ અને મીકેનીકલ એન્જિનીયરીંગની વધારાની ૩૦ સીટનું અને એમ.બી.એનું કોઈ નવું જોડાણ ન આપવાનું ઠરાવે છે.

વધુમાં સંસ્થાએ ૨૦૦૪–૨૦૦૫ તથા ૨૦૦૩–૨૦૦૪ નાં વર્ષ માટે વિવિધ અભ્યાસક્રમોમાં (સીવીલ અને ફાર્મસી સહિત) પ્રવેશ સામે જે ડોનેશનો સ્વીકાર્યા છે તેની સંપૂર્ણ વિગતો દીન ત્રણમાં યુનિવર્સિટી સમક્ષ રજૂ કરી તેની તમામ રકમ જે તે વિધાર્થીઓને પરત કરવા માટે યુનિવર્સિટીમાં જમા કરાવવી અને મેનેજમેન્ટ કવોટામાં સંસ્થાએ સુપ્રીમ કોર્ટ, રાજયસરકાર અને યુનિવર્સિટીનાં નિયમો વિરૂધ્ધ મેરીટ અને પારદર્શકતા ને બાજુમાં રાખીને આપેલ વિધાર્થીઓની નોંધણી(enroll) યુનિવર્સિટી કરશે નહીં. વિવિધ અભ્યાસક્રમોમાં યુનિવર્સિટીએ નકકી કરેલી નિયત ફી ઉપરાંત વિવિધ હેડ્સ હેઠળ જે વધારાની ફી ઉઘરાવી છે તેની વિગતો યુનિવર્સિટીને દીન ત્રણમાં રજૂ કરી યુનિવર્સિટીમાં તેની રકમ જમા કરાવવી.

ડોનેશનની વિગતો અને વધારાની ફી ની વિગતો અંગે ચકાસણી કરવા. વીજીલન્સ કમીટીને તે અંગે આગળની કાર્યવાહી કરવા જણાવવું અને ઓર્ડિનન્સ ૬૭ હેઠળ કાર્યવાહી કરવી.

(૩) મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૦૫થી સૂચિત નવી સ્વનિર્ભર એન્જીનીયરીંગ એન્જિનીયરીંગ કોલેજનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૭–૦૭–૨૦૦૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક: ૨૯ અન્વયે, નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧–૭–૨૦૦૪ની ભલામણ ક્રમાંક: ૩</u>**

:: મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૦૫થી સૂચિત નવી સ્વનિર્ભર એન્જીનીયરીંગ એન્જિનીયરીંગ કોલેજનું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૭–૦૭–૨૦૦૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંક: ૨૯ અન્વયે, નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત સંસ્થાને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી નવું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, નવસારીની (૧)મિકેનીકલ એન્જિનિયરીંગ (૨) ઇલિકટ્રીકલ એન્જિનિયરીંગ (૩) કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ અને (૪) ઇલિકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરીંગ અભ્યાસક્રમ શરૂ કરવા સૂચિત નવી કોલેજ શરૂ કરવા શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫નું એક વર્ષનું નવું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવી.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ થઈ હતી.</u>**

(૪) સને ૨૦૦૪–૦૫ ના શૈક્ષણિક વર્ષમાં સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમો માટે મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ આપવા અંગે શુક્રવાર તા.૧૬–૭–૨૦૦૪ના રોજ મળેલી સમિતિની સભાની કાર્યવાહીની નોંધ પર વિચારણા કરવા બાબત. (શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારના પરિપત્ર અનુસાર જે તે અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટસ્ ભરવા માટે common merit, Inter-se merit અથવા અન્ય પધ્ધતિ ધ્વારા મેરીટ લીસ્ટ (ગુણવત્તા યાદી) તૈયાર કરવી અને આ પ્રક્રિયામાં પારદર્શિતા હોવી જોઈએ તેનો આગ્રહ રખાયો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

એન્જીનિયરીંગ, આર્કિટેક્ટ, ફાર્મસી, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી, બી.એડ્., બી.પી.એડ્., એમ.બી.એ., એમ.સી.એ. વગેરેના અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર સંસ્થાઓમાં મેનેજમેન્ટ ક્વોટાની સીટસ્ ઉપર પ્રવેશ વાંચ્છુક વિદ્યાર્થીઓ/વાલીઓ પાસેથી પ્રવેશની સામે ડોનેશન ઉઘરાવવાની માહિતી યુનિવર્સિટી કાર્યાલયને તાજેતરમાં દસ્તાવેજી પુરાવા સહિત મળી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટે આ અગાઉ મેનેજમેન્ટ ક્વોટા અંતર્ગત ઉપરોક્ત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે તેની તા.૨૯–૫–૦૪/૫–૬–૦૪ (બાબત નં.૯૯) અને ૧૮–૬–૦૪ (બાબત ક્રમાંક–૧૧) ની સભામાં ઠરાવો કર્યા છે. આ ઠરાવો અને ફકરા નંબર એક માં જણાવેલ હકીકતોને ધ્યાનમાં લઈ આજની આ સભા સ્વનિર્ભર સંસ્થાઓના મેનેજમેન્ટ ક્વોટામાં આવતી સીટસ્ ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના અધિકાર આ અંગે રાજ્ય સરકારે કરેલ ઠરાવ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિન્ડીકેટે કરેલ ઠરાવ, શિક્ષણ ક્ષેત્રમાં મુલ્યોની જાળવણી, અને વિદ્યાર્થીઓનું થતું આર્થિક શોષણ અટકાવવા તથા પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન પારદર્શિતાની જાળવણી કરવા માટે સર્વાનુમતે ઠરાવે છે કે :

મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ આપવા માટે ઉપરોક્ત એન્જીનિયરીંગ, આર્કિટેક્ચર, ફાર્મસી, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી, બી.એડ્, બી.પી.એડ્., એમ.બી.એ., એમ.સી.એ. વગેરે અભ્યાસક્રમો ચલાવતી સ્વનિર્ભર કોલેજોએ નવેસરથી નીચે જણાવેલ માર્ગદર્શક જાહેરાત મુજબની બહોળી પ્રસિધ્ધિ ધરાવતા બે અખબારોમાં જાહેરાત આપવી તથા પ્રવેશ પ્રક્રિયાનાં સંપૂર્ણ કાર્યક્રમની વિગતો જેવી કે પ્રવેશપત્રો મેળવવાની તારીખો, ભરેલ પ્રવેશપત્રો સ્વીકારવાની તારીખ, મેરિટ લીસ્ટ તૈયાર કરવાની તારીખ અને પ્રવેશ મેળવવાની તારીખો વગેરે યુનિવર્સિટી કાર્યાલયને મોકલી તેને બહોળી પ્રસિધ્ધિ આપવી. પ્રવેશ માટેના ફોર્મસ્ સંસ્થા પોતાની રીતે તૈયાર કરી વધુમાં વધુ રૂ.૧૫૦/– ની ફોર્મ ફી લઈ શકશે. સંસ્થાઓ મેરીટ લીસ્ટ પોતાનાં નોટિસ બોર્ડ ઉપર વિદ્યાર્થીઓ જોઈ શકે તે રીતે મુકે તથા તેની એક નકલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રવેશની આ પ્રક્રિયામાં જરૂર જણાય તો જે તે સંસ્થામાં યુનિવર્સિટી પોતાનાં ઓબ્ઝરવર (નિરિક્ષક) ની નિમણૂંક કરે.

વધુમાં આ અંગેની યુનિવર્સિટી તરફથી આર.જે.શાહ કમિટિને જાણ કરવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૭–૮–૨૦૦૪ — ઈ.ચા. કુલસચિવ
ક્રમાંક:એસ–૧(૧)/૬૭૮૦

પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............